Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-2, September-2019
Impact Factor:4.081
www.researchguru.net

# સમરસ ગ્રામ યોજના:વિહંગાવલોકન

**પ્રા.પલ્કેશકુમાર વી. ચૌધરી**

રાજ્યશાસ્ત્ર વિભાગ સરકારી વિનયન કૉલેજ સેક્ટર-15, ગાંધીનગર.

***એબસ્ટ્રેક્ટ (Abstract)***

*આપણી લોકશાહી પ્રણાલિના સાત દાયકા વીત્યા છતાં એ જીવન જીવવાની પ્રણાલિ તરીકે સાબિત થઇ શકી નથી. તેનું મુખ્ય કારણ ચૂંટણી પ્રથા ગણાવી શકાય. દેશમાં ચૂંટણી રમાવી જોઈએ, નહિ કે લડાવી જોઈએ. આજે પણ દેશમાં ધર્મ, જ્ઞાતિવાદ, જૂથવાદ, પ્રદેશવાદ, ભાષાવાદ, રંગભેદ તેમજ ઊંચનીચની સ્થિતિ ચૂંટણીના માધ્યમથી અસરકર્તા દેખાઈ આવે છે. વળી; મોટા ભાગે રાજકીય પક્ષો તો બળતામાં ઘી હોમવાનુ જ કામ કરે છે. દિવસે-દિવસે સત્તા માટેની હરિફાઈ, સંઘર્ષ અને પ્રચારનું રાજકારણ પ્રભાવશાળી બનતુ જાય છે. બીજી તરફ દેશની સમસ્યાઓ જેવી કે ગરીબી, ભ્રષ્ટાચાર, બેરોજગારી, અસ્પૃશ્યતા, સામાજિક-આર્થિક અસમાનતા, અનામત વગેરે યથાવત્ જ છે. લોકશાહીમાં શાંત ક્રાંતિ ગણાતી એવી ચૂંટણીમાં ઉમેદવારી કરવી એ હાલમાં સેવાની ભાવના રહી નથી પરિણામે; સામાન્ય નાગરિકનું મહત્વ તો માત્ર મત સુધી જ સીમિત બની ગયુ છે. જ્યારે મતની સંખ્યાના આધારે મળેલી બહુમતિનો બીજો અર્થ સત્તા પ્રાપ્તિ અને રાજકારણનો જ રહ્યો છે. સમરસ ગ્રામ યોજના થકી લોકશાહીનો ઉત્તમ નમૂનો 'ગુજરાતનું ગામડુ' તેમજ ચૂંટણીના વિકલ્પ તરીકે 'સમરસ'! અને સમરસ દ્વારા ચૂંટણી પ્રક્રિયાને "ગામડા થી સંસદ" સુધી લાગુ કરી શકાય!? પ્રસ્તુત સંશોધનપત્ર દ્વારા સમરસ ગ્રામ યોજના:વિહંગાવલોકન દ્વારા વિવિધ દ્રષ્ટિએ ચર્ચા કરવામાં આવી છે.*

***મુખ્ય શબ્દો (Keywords):****પંચાયતીરાજ અને રાજકીય પક્ષો, સમરસ ગ્રામ યોજના, ચૂંટણી અને સમરસ: વિચાર-વિમર્શ, યોજના:વિકાસ-દિશા*

**પ્રસ્તાવના:** વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ શાસન વ્યવસ્થા તરીકે લોકશાહીની ગણના થાય છે. આપણો દેશ ભારત પણ 70 વર્ષથી સફળ લોકશાહીની સાક્ષી પૂરે છે. હકીકતમાં; લોકશાહી મૂળભૂત રીતે સત્તા વિકેન્દ્રીકરણના ખ્યાલ સાથે જોડાયેલી છે, જ્યાં લોકોની ભાગીદારીને સર્વોત્તમ ગણવામાં આવે છે. વળી; લોકશાહીએ બહુમતિથી ચાલતી સરકાર છે, જેમાં સંખ્યાને પ્રાધાન્ય આપવામાં આવે છે. ચૂંટણીમાં ખરેખર જેઓ ચૂંટાય છે તેમને બહુમતિ મતદારોનો ટેકો મળતો નથી, કદાચ; બહુમતિના નામે લઘુમતિ જ શાસનકર્તા બને છે.

ભારતમાં ઉપલા સ્તરની રાજકીય સ્થિતિને નજરઅંદાજ કરતાં માત્ર ગ્રામ પંચાયતની વાત કરીએ તો ગામડુ પણ આજે રાજકારણનો અખાડો બનતુ જાય છે. ભારત એ ગામડાઓનો દેશ છે, અને સાચુ ભારત તો ગામડાઓમાં વસેલુ છે, ત્યારે જો પંચાયતીરાજ દ્વારા ગામડાનુ વાતાવરણ સામૂહિક વિકાસ, એકતા, સહકાર, શાંતિ અને સર્વસંમતિની ભાવનાથી આગળ વધશે તો દેશ આપોઆપ મજબૂત, વિકાસમય અને સંગઠિત બનશે.

લોકશાહીના વિકેન્દ્રીકરણ તરીકે પંચાયતીરાજનો અમલ એ આપણા માટે કઇ નવો વિચાર નથી. 73મા બંધારણીય સુધારા પછી તો પંચાયતીરાજે દેશમાં ત્રીજા સ્તરની સરકારનો દરજ્જો મેળવ્યો છે. જેમાં; ગ્રામ પંચાયત તેનુ સૌથી નાનુ અને પાયાનું એકમ ગણાયુ છે. વિશેષમાં; સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને લોકશાહીની તાલીમ શાળા ગણવામાં આવે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા એ લોકશાહીનો આવશ્યક ભાગ હોવા છતાં ચૂંટણીનો

વિકલ્પ અને લોકશાહીનો ઉત્તમ નમૂનો 'ગુજરાતનુ ગામડુ' સાબિત થઇ રહ્યુ છે, કારણ કે ગુજરાત સરકાર દ્વારા 2001 થી 'સમરસ ગામ યોજના' લાગુ કરતા સર્વોદય વિચારસરણીની સાથે-સાથે ગાંધીજીના 'ગ્રામ સ્વરાજ', વિનોબા ભાવેના 'બહુમતિ નહિ પણ સર્વાનુમતિ', જે.પી.ના 'પક્ષ વિહીન લોકશાહી'તેમજ લોકનીતિના ખ્યાલોનો પુન:જન્મ દેખાઇ આવે છે.

**પંચાયતીરાજ અને રાજકીય પક્ષો**

લોકશાહી શાસન વ્યવસ્થામાં ચૂંટણી પ્રક્રિયા એ અનિવાર્ય હિસ્સો છે. જ્યાં ચૂંટણી હોય ત્યાં રાજકારણ અને રાજકારણ હોય ત્યાં રાજકીય પક્ષોની ભાગીદારી હોય જ! આમ, રાજકીય પક્ષો વગર ચૂંટણી અને ચૂંટણી વગર લોકશાહીની કલ્પના કરવી શક્ય નથી. પંચાયતીરાજ અને રાજકીય પક્ષો વિશે વિચાર કરીએ તો પંચાયતીરાજમાં રાજકીય પક્ષોએ ભાગ લેવો જોઈએ કે નહિ !? આ મુદ્દો હંમેશાં ચર્ચાસ્પદ જ રહ્યો છે. એક વિચારધારા પ્રમાણે પંચાયત વ્યવસ્થામાં રાજકીય પક્ષો ભાગીદાર હોવા જોઈએ જ્યારે બીજી વિચારધારા પ્રમાણે પંચાયત વ્યવસ્થા બિનરાજકીય એટલે કે ચૂંટણીના બદલે સર્વસંમતિ સાધવી જોઈએ.

જ્યાં સત્તા હોય ત્યાં રાજકારણ પ્રવેશે છે. વળી; રાજ્યોની વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણીઓ પક્ષીય ધોરણે લડાતી હોય ત્યારે પંચાયતીરાજ વ્યવસ્થામાં રાજકીય પક્ષોને બાકાત રાખવાની વાત દંભી છે. સ્થાનિક સ્તરે રાજકીય પક્ષો પ્રજાની ભાગીદારીનું માધ્યમ બને છે તેમજ કાર્યવાહીની સફળતા-નિષ્ફળતાની જવાબદારી પણ સ્વીકારે છે. પક્ષીય રાજકારણથી સામાજિક જીવનમાં બિનસાંપ્રદાયિક વલણને ઉત્તેજન, ખુલ્લી રાજકીય સ્પર્ધા અને રાજકીય ભાગીદારી દ્વારા લોકસ્વીકૃતિ, ગરીબ અને અસહાય વર્ગને સંગઠિત કરવાનું કાર્ય, સ્થાનિક કક્ષાએ પ્રબળ નેતાગીરીનો વિકાસ વગેરે થકી રાજકીય પક્ષો લોકોનું રાજકીયકરણ કરે છે. ટૂંકમાં; ઉપરોક્ત વિચારોના અંતર્ગત પંચાયતીરાજમાં રાજકીય પક્ષોની ભૂમિકા સ્વીકાર્ય બની છે.

પંચાયતીરાજના ઉપલા સ્તરે એટલે કે તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી પક્ષીય ધોરણે થાય છે. પરંતુ; ગ્રામ પંચાયત સ્તરે ચૂંટણી લડવા માટે રાજકીય પક્ષ કે પ્રતિકની માન્યતા નથી. તેનું કારણ આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભિન્ન અંગ સમાન ગામડાંઓનું અસ્તિત્વ છે. હકીકતમાં; તો પંચાયતીરાજ ક્ષેત્રે રાજકારણ પ્રવેશી ચૂક્યું છે અને પોતાના મૂળિયા ઊંડા નાખી જ રહ્યું છે. પંચાયતોની ચૂંટણીમાં જ્યાં પક્ષો ભાગ લેતા નથી ત્યાં ચૂંટણીઓ સીધી રીતે પૂર્ણ થઇ જાય છે, તેવું સમજી લેવું ભૂલ ભરેલું છે. કારણ કે; ગામડાંઓમાં પણ ચૂંટણીઓ જ્ઞાતિવાદ, કોમવાદ, કૌટુંબિક ઝઘડાઓ, વ્યક્તિગત મોભો, રાજકીય પક્ષોના કાર્યકરોની દખલગીરી, આગેવાન કોમના નેતાની જોહુકમી, પૈસાનું જોર, દારૂ, ઈર્ષ્યા વગેરેના માધ્યમ થકી લડાઈ રહી છે. જો કે; ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં રાજકીય પક્ષો વધુ પડતા પ્રભાવશાળી બની શક્યા નથી, તેમ છતાં; ગ્રામ પંચાયતથી ઉપલા સ્તરની ચૂંટણીઓ માટે રાજકીય પક્ષોને પંચાયતોનાં આગેવાનોને પોતાના ટેકામાં ખેંચવાની જરૂર તો પડે જ છે. પંચાયતીરાજની સંસ્થાઓ સત્તા કેન્દ્રો તરીકે બહાર આવી છે.

પંચાયતીરાજમાં રાજકીય પક્ષોના હસ્તક્ષેપથી ફાયદા કરતાં નુકસાન વધુ થઇ રહ્યું છે. કારણ કે, રાજકીય પક્ષોએ સત્તાનું કેન્દ્રીકરણ કરીને ભાગલા પાડો અને રાજ કરોની નીતિ સાથે પ્રચંડ જ્ઞાતિવાદને ઉત્તેજન આપી, હરિફાઈ અને ઘર્ષણનું રાજકારણ ઊભું કરીને પંચાયતીરાજને 'પંચાતિયાઓના રાજ'માં ફેરવી નાખ્યું છે. 'પંચાયતીરાજ અને રાજકીય પક્ષો' સંદર્ભમાં એકંદરે

સૂર એવો સાબિત થાય છે કે; રાજકીય પક્ષોએ પંચાયતોની ચૂંટણીમાં ભાગ લેવો જોઈએ નહિ, ઘણા અંશે ભારતીય પ્રાચીન સંસ્કૃતિ આજે પણ ગામડાંઓમાં જીવંત છે. એટલે જ સામાન્ય રીતે ગામડાના લોકો શક્ય હોય ત્યાં સુધી ગ્રામ પંચાયતની ચૂંટણી સર્વસંમતિથી થાય તેવું ઇચ્છતા હોય છે.

**સમરસ ગ્રામ યોજના**

'સમરસ ગામ યોજના'નો પરિચય મેળવીએ તો અગાઉ, ગુજરાત રાજ્યની ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ મતભેદો અને વિરોધ વગર; સર્વસંમતિ એટલે કે બિનહરીફ થાય તો વિકાસ માટેનું હકારાત્મક વાતાવરણ સર્જાઈ શકે! તે માટે જુલાઈ-1992 થી બિનહરીફ ચૂંટાતી ગ્રામ પંચાયતને 1000/-રૂ.નું પ્રોત્સાહન અનુદાન અપાતુ, તેની જગ્યાએ પ્રજા જીવનને સંવાદી બનાવવાના શુભ આશય સાથે રાજ્ય સરકારશ્રીની ગ્રામ પંચાયતને પુરસ્કાર/પ્રોત્સાહન અનુદાન આપવા અંગેની યોજનાને નવા નામાભિધાન સાથે વધુ અસરકારક અને વ્યાપક સ્વીકૃતિ ધરાવતી યોજના ઓક્ટોબર-2001 થી આવી ગ્રામ પંચાયતોને સબળ પ્રોત્સાહન આપવા માટે 100000/-રૂ. સુધીનું માતબર અનુદાન આપવાનું નક્કી કરેલ છે. 100000/-રૂ. સુધીની સુધારેલ અનુદાન યોજના જે સમરસ ગામ યોજના છે.

બીજા અર્થમાં, ગુજરાત સરકારના દસ્તાવેજી રેકોર્ડ પ્રમાણે 'સમરસ ગામ યોજના' અથવા 'સમરસ ગ્રામ યોજના' એટલે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને બિનહરીફ ચૂંટાતી ગ્રામ પંચાયતોને ઓક્ટોબર-2001 થી અમલમાં મૂકાયેલ પ્રોત્સાહન/પ્રોત્સાહક અનુદાન આપવાની યોજના. આ યોજના અંતર્ગત સર્વસંમતિથી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં તમામ સભ્યો અને સરપંચ બિનહરીફ ચૂંટાય તેવી ગ્રામ પંચાયતને વસ્તીના ધોરણે શરૂઆતમાં 60000/-રૂ. થી 100000/-રૂ. સુધી અને હાલમાં; 200000/-રૂ. થી 1100000/-રૂ. સુધી તેમજ અન્ય સગવડોનો પણ લાભ આપવામાં આવે છે.

સમરસ ગામ યોજના હેઠળ અત્યાર સુધીમાં પ્રથમવાર સમરસ ગ્રામ પંચાયત, બીજીવાર સમરસ ગ્રામ પંચાયત, ત્રીજીવાર સમરસ ગ્રામ પંચાયત અને ચોથીવાર સમરસ ગ્રામ પંચાયત જેમાં સામાન્ય સમરસ (સરપંચની સીટ પુરૂષ/મહિલા/સામાન્ય/અનામત કોઈ પણ), મહિલા સમરસ (સરપંચ સહિત તમામ સભ્યો મહિલાઓ) અને ટેકનિકલ સમરસ (કોઈ વોર્ડ/વોર્ડોમાં ચૂંટણી માટે ઉમેદવારી પત્રો રજૂ ન થવા/તમામ ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્રો પરત ખેંચી લેવા/ટેકનિકલ કારણસર તમામ ઉમેદવારી પત્રો નામંજૂર થવા/કોઈ ગામમાં સરપંચ સહિતના સભ્યો કે વોર્ડમાં SC/ST ની વસ્તી ન હોવાના લીધે ઉમેદવારીપત્રો ન ભરવાના કારણે ચૂંટણી એક તબક્કામાં યોજી ન શકવાથી/અન્ય કારણથી) ના પ્રકારનો સમાવેશ થાય છે, તેમજ સમરસ ગામ પંચાયત એવોર્ડ, સમરસ ગ્રામ પંચાયતનો પ્રથમ તબક્કાનો એવોર્ડ, સમરસ ગ્રામ પંચાયતનો બીજા તબક્કાનો એવોર્ડ અને સમરસ ગ્રામ પંચાયતનો ત્રીજા તબક્કાનો એવોર્ડ જે-તે સમયે આપવામાં આવેલો છે.

'સમરસ' એટલે ભગવદ્ગોમંડલ પ્રમાણે એક સરખા રસવાળુ. આ યોજના અંતર્ગત 'સમરસ' એ રાજકીય રીતે સત્તા નહિ પણ સેવાની ભાવના અને સામાજિક રીતે ઉચ્ચનીચ, ભેદભાવ કે અસ્પૃશ્યતાની નાબૂદી સાથેના એક સરખા-સમાન-સર્વસંમતિના મતનું અર્થઘટન સાબિત કરે છે. અહીં, વાદ નહિ, વિવાદ નહિ પરંતુ; સંવાદ! સાથે ગામડામાં વેરઝેર, કાવાદાવા, વૈમનસ્ય ઊભા ન થાય તેવી ભાવના ઉજાગર કરતી યોજના.

ગ્રામવાસીઓ એકઠા મળી પોતાનામાંથી સર્વસંમતિથી ગ્રામ પંચાયતના વહીવટ માટે પ્રતિનિધિઓ નક્કી કરે છે, જેમાં અનેક વ્યક્તિઓ પોતાનો હક્ક જતો કરીને સમાજ માટે પ્રેરણારૂપ આચરણ કરી ગામનું ભલુ કરવાના ઉચ્ચ હેતુ માટે ઉમદા અભિગમ અપનાવે છે. ટૂંકમાં; ગામ લોકોમાં ત્યાગ, સંપ, સહકાર, એકતા, ભાઈચારો, સુમેળ તેમજ શાંતિ થકી સામૂહિક વિકાસને વેગ આપવામાં આવ્યો છે.

'સમરસ ગામ યોજના' અંતર્ગત સમરસ જાહેર થયેલ ગામને મળવાપાત્ર પ્રોત્સાહક અનુદાન એટલે કે લાભનું સરવૈયું પ્રથમ નજરે જોતાં નીચે મુજબ માલૂમ પડે છે.

| વસ્તી | પંચાયતનો પ્રકાર | પ્રથમવાર સમરસ | સતત બીજીવાર સમરસ | સતત ત્રીજીવાર સમરસ | સતત ચોથીવાર સમરસ |
|---|---|---|---|---|---|
| 5000 સુધી | સામાન્ય સમરસ | 200000/-રૂ. [ધોરણ-8 ની સગવડ આપવી] | 250000/-રૂ. [સી.સી.રોડ માટે બે લાખ રૂ.] | 312500/-રૂ. [ગટર, પીવાના પાણી, પેવર બ્લોક માટે ત્રણ લાખ રૂ.] | 650000/-રૂ. |
| 5000 થી વધુ | સામાન્ય સમરસ | 300000/-રૂ. [ધોરણ-8 ની સગવડ આપવી] | 375000/-રૂ. [સી.સી.રોડ માટે બે લાખ રૂ.] | 468750/-રૂ. [ગટર, પીવાના પાણી, પેવર બ્લોક માટે ત્રણ લાખ રૂ.] | 800000/-રૂ. |
| 5000 સુધી | મહિલા સમરસ | 300000/-રૂ. [ધોરણ-8 ની સગવડ આપવી] | 375000/-રૂ. [સી.સી.રોડ માટે બે લાખ રૂ.] | 468750/-રૂ. [ગટર, પીવાના પાણી, પેવર બ્લોક માટે ત્રણ લાખ રૂ.] | 800000/-રૂ. |
| 5000 થી વધુ | મહિલા સમરસ | 500000/-રૂ. [ધોરણ-8 ની સગવડ આપવી] | 625000/-રૂ. [સી.સી.રોડ માટે બે લાખ રૂ.] | 781250/-રૂ. [ગટર, પીવાના પાણી, પેવર બ્લોક માટે ત્રણ લાખ રૂ.] | 1100000/-રૂ. |

**ચૂંટણી અને સમરસ: વિચાર-વિમર્શ**

ચૂંટણી સંદર્ભે વિચાર-વિમર્શ કરીએ તો, ચૂંટણી પ્રક્રિયા એ લોકશાહીનું અનિવાર્ય અંગ છે, તેથી જ લોકશાહીમાં પ્રતિનિધિઓની પસંદગીની પ્રક્રિયા એટલે ચૂંટણી. જેમાં ચૂંટણી અંતર્ગત બહુમતિ મત મેળવનાર વિજેતા અથવા સત્તા પ્રાપ્ત થવી. દા.ત...એક મતદાર વિભાગમાં 100 મતદારો છે, અને બે ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેમાંથી એક ઉમેદવારને 51 મત જ્યારે બીજા ઉમેદવારને 49 મત મળે છે. ભારતની લોકશાહીના સાત દાયકા ઉપરના શાસનમાં અનુભવાયું છે, કે ચૂંટણીમાં સત્તા અને હોદ્દાની હરિફાઈ તેમજ અનિષ્ટોની વાત જગજાહેર છે. છતાં, ચૂંટણી પ્રક્રિયા જરૂરી અને સ્વીકાર્ય રહી છે. ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત બિનહરીફ

ચૂંટાવાની જોગવાઈ પણ છે, એટલે કે બિનહરીફ ચૂંટણી એ કાયદેસર છે. 'ચૂંટણીના કિસ્સામાં મતદાન થતાં સુધી કેટલાક પગલાં લેવાના થાય છે. સૌ પ્રથમ ચૂંટણી કરવા માટેની જાહેરાત કરવામાં આવે છે. ઉમેદવારોના ઉમેદવારીપત્રો રજૂ કરવાના છે. ઉમેદવારીપત્રોની ચકાસણી થયા બાદ માન્ય રીતે નામ નિર્દિષ્ટ થયેલા ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવે છે. તેવી યાદી કર્યા પછી ઉમેદવારને તેની ઉમેદવારી પાછી ખેંચવી હોય તો તે તબક્કો છે. ઉમેદવારી પાછી ખેંચ્યા બાદ હરિફાઈમાંથી ખસી જઈ (નિવૃત્ત થઇ) શકે છે, અને છેવટે મતદાન થાય છે. ખરેખર ચૂંટણી આ બધાં પગલાંઓનો સમાવેશ કરતી એક સળંગ કાર્યવાહી છે.'

સમરસ સંદર્ભે વિચાર-વિમર્શ કરીએ તો, બિનહરીફ (સર્વસંમતિ) ચૂંટણીની પ્રક્રિયા. આ વિશેની ભલામણ રિખવદાસ શાહ સમિતિ દ્વારા કરવામાં આવેલી, જેમાં ગ્રામ પંચાયત સ્તરે બિનહરીફ ચૂંટણી થાય તેવા ગામને ઓછામાં ઓછું 1000/-રૂ.નું પ્રોત્સાહન આપવુ જોઈએ. લોકશાહીમાં ચૂંટણી અંતર્ગત પ્રોત્સાહક ઇનામની જાહેરાત અંગે પ્રશ્નાર્થ પણ ઉદ્દભવતા રહ્યા છે. ગ્રામ પંચાયતોને બિનહરીફ રીતે રચવા અંગે પ્રોત્સાહન મળે તેનો પ્રારંભ ઘણો અગાઉથી થયેલો. પરંતુ, આ બિનહરીફ ચૂંટણીને ધ્યાનાકર્ષક બનાવવાનું અગ્રિમ કાર્ય તેમજ 'સમરસ ગામ યોજના' નામકરણ ઓક્ટોબર-2001 થી ગુજરાતના તે સમયના મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા ગામડાંના વિકાસ અર્થે સામૂહિક સહકારથી કામ થાય એવા આશય સાથે વધુ પ્રોત્સહન અનુદાન આપવાનું અમલીકરણ થયેલ છે.

પ્રાચીન પંચાયત વ્યવસ્થા સિવાય; ભૂતકાળમાં એક તબક્કે જ્યારે સમરસનો ખ્યાલ અમલમાં ન હતો, ત્યારે પણ ગ્રામ્ય કક્ષાએ બિનહરીફ ચૂંટણીઓ થતી જ હતી. જેમ કે...ખાસ કરીને નાનાં ગામડાંઓમાં, કોઈ ગામમાં તો ગામના સામૂહિક કામમાં વધારે રકમ આપનાર વ્યક્તિને સરપંચ તરીકે પસંદ કરતા, કોઈક જગ્યાએ ગામનું એક જ પ્રતિષ્ઠિત કુટુંબ પોતાના પૈસા ખર્ચીને ગામના કલ્યાણ માટે કામો કરતાં ત્યારે તેમના પ્રત્યે ગામમાં સમાન લાગણી અનુભવાતી અને તે કુટુંબના જ સભ્ય લાંબા સમય સુધી સરપંચ પદે રહેતા, કેટલાક ગામોમાં તો કોઈ કર્મનિષ્ઠ વ્યક્તિ નિસ્વાર્થ પોતાનો સમય અને શક્તિ ગામના જાહેર કાર્યો સફળ રીતે પાર પાડવામાં આગળ પડતો ભાગ ભજવતો હોય તેવા વ્યક્તિને જ સરપંચ તરીકે પસંદ કર્યાનું માલૂમ પડે છે.

ગ્રામ પંચાયતની ચૂંટણીના લીધે ગામમાં વર્ષો જૂના સ્મશાનમાં દટાયેલા વેરઝેર ખોદીને બહાર કાઢવામાં આવે છે, તેમજ કુટુંબના સંબંધોમાં પણ લૂણો લાગતો હોય તેવા દાખલાઓ નજર સમક્ષ દેખાઈ આવે છે. વળી, ચૂંટણીના કારણે સરપંચમાં ઊભી રહેનાર વ્યક્તિ ગામનો ડાહ્યો, સીધોસાદો માણસ જ ચૂંટાઈને આવશે તેવુ માની લેવું બરાબર નથી. ઉલટાનું ચૂંટણીના લીધે હોદ્દાની હરિફાઈ, સત્તાની લાલચ, આંતરિક મતભેદ, જ્ઞાતિવાદ તેમજ અપ્રત્યક્ષ રીતે પણ રાજકીય પક્ષોની ભૂમિકાને વેગ મળશે.

આપણે જાણીએ છીએ કે, તાલુકા પંચાયતથી માંડીને સંસદ સુધી વિધિસર ચૂંટણીઓ થાય જ છે, અને જો ગ્રામ પંચાયતની ચૂંટણી નહિ થાય એટલે કે બિનહરીફ ચૂંટાવાની જોગવાઈ (સમરસ) થી લોકશાહીનું ઘડતર અટકી જશે! કે લોકશાહીનું ખૂન થઇ જશે! તેવું સમજી લેવું યોગ્ય કહેવાશે!? ચૂંટણીના કકળાટ અને ભાંગફોડના બદલે સમરસ દ્વારા ગામના ડાહ્યા, પ્રામાણિક અને લોક ચાહના ધરાવતા માણસો જો ગ્રામ પંચાયતનો વહીવટ કરે તો વધુ સારો વહીવટ સાબિત થવાની સંભાવના છે. હા, સમરસ ગ્રામ પંચાયત જાહેર થવા

પાછળ ગ્રામ્ય સ્તરે પણ કેટલાક અંશે અનિષ્ટોની હાજરી કારણભૂત હોઈ શકે છે. પરંતુ, મહદ્અંશે ગ્રામ્ય સંસ્કૃતિ અને ગ્રામ્ય અસ્મિતાને સલામત રાખવાના હેતુથી ચૂંટણી પ્રક્રિયાની સરખામણીમાં સમરસ વધુ વ્યાજબી છે.

'સમરસ ગામ યોજના'ના અમલીકરણ સમયથી જ તેના વિશે આપણી લોકશાહીના સંદર્ભમાં મુખ્યત્વે બે પ્રકારના દ્રષ્ટિકોણથી વિચાર-વિમર્શ ચાલતો આવ્યો છે. એટલે કે સમરસ ગામ જાહેર થવું એ હકારાત્મક/લાભદાયી/આશીર્વાદરૂપ અથવા નકારાત્મક/નુકસાનકર્તા/અવરોધરૂપ છે. ટૂંકમાં, એક જ વાક્યમાં કહીએ તો સમરસમાં વિશ્વાસ ધરાવનાર/તરફેણ કરનાર અને બીજા ચૂંટણીમાં માનનાર/સમરસ વિરોધી એમ બે વર્ગો સમાજમાં જોવા મળે છે. આ પ્રકારના દ્રષ્ટિકોણનો આધાર એ સમરસ જાહેર થનાર ગામની પરિસ્થિતિ, વાસ્તવિકતા અને ભાગ ભજવનાર પરિબળો/કારણો જ નક્કી કરે છે.

**'સમરસ ગામ યોજના' ની તરફેણની દલીલો જોઈએ તો....**

1. ગ્રામજનોમાં વાદ-વિવાદ નહિ પણ સંવાદની ભાવના જીવંત બને છે.
2. સર્વસંમતિ દ્વારા નિર્ણય લેવાય છે.
3. ગામની મૂળ ઓળખ-એકતા, સહકાર, ભાઈચારો અને શાંતિની ભાવના યથાવત્ રહે છે.
4. ગામ રાજકીય રીતે એકમત તેમજ રાજકારણનો અખાડો બનતા અટકી જાય છે.
5. ગામમાં ચૂંટણી ન લડાતાં મતભેદો, ઝઘડા, જૂથ-કોમવાદ બંધ થઇ જાય છે.
6. જ્ઞાતિવાદ અને ગુનાખોરી નાબૂદ થાય છે.
7. હોદ્દા માટેની મહત્વકાંક્ષા તેમજ સત્તા માટેની હરિફાઈ આપોઆપ બાદબાકી થઇ જાય છે.
8. લોકપ્રિય અને પ્રામાણિક તેમજ પ્રતિષ્ઠિત વ્યક્તિ 'સરપંચ' તરીકે વરણી પામે છે.
9. ગામમાં સામાજિક એકતા વધુ મજબૂત બને છે.
10. ગ્રામ પંચાયતનો વહીવટ સરપંચ અને સભ્યોની આપસી સમજૂતીથી તેમજ તેઓની કામગીરી પ્રત્યે વિરોધ રહેતો નથી.
11. ગામનો સામૂહિક વિકાસ ઝડપી અને વધુ થાય છે.
12. સરકારશ્રી તરફથી મળેલ નાણાંકીય પ્રોત્સાહન દ્વારા ગ્રામજનોની સુવિધામાં વધારો થાય છે.
13. પસંદ કરાયેલ પંચાયતના હોદ્દેદારો વિકાસ માટે વધુ જવાબદાર બને છે.
14. ચૂંટણીથી લડાતાં પેદા થતા અનિષ્ટો જેવા કે...ભ્રષ્ટાચાર, દારૂની રેલમ-છેલ, પૈસાથી મતોની ખરીદ-વેચાણ વગેરે દૂષણો નાબૂદ થાય છે.
15. ચૂંટણીનો ખર્ચ અટકે છે, તેમજ સામાજિક સમરતામાં વધારા સાથે લોકશાહી મજબૂત બનાવવામાં આશીર્વાદરૂપ સાબિત થાય છે, વગેરે

**'સમરસ ગામ યોજના' વિરોધની દલીલો જોઈએ તો....**

1. ખરેખર સર્વસંમતિ હોતી જ નથી!
2. લોકશાહી પ્રક્રિયાનો આવશ્યક ભાગ 'ચૂંટણી'ની જ બાદબાકી તેમજ ચૂંટણી અને વિકાસ પરસ્પર વિરોધી છે, તેવી છાપ ઊભી કરાય છે.

3. 'સરપંચ' તરીકે મોટી ઉંમરના વ્યક્તિની પસંદગી જ્યારે યુવાન નેતૃત્વની અવગણના થાય છે.
4. કોઈ એક જ રાજકીય પક્ષ વિચારધારાની અસર હેઠળ નાણાંકીય પ્રોત્સાહનની લાલચ સાથેની ઉપરથી ઠોકી બેસાડેલી સર્વસંમતિ જાહેર કરાય છે.
5. ગામના બે-પાંચ રાજકીય આગેવાનોનો અહમ-મરજી સાથેનું દબાણ-બળજબરી જવાબદાર સાબિત થાય છે.
6. ગ્રામજનો પાસેથી મતાધિકાર છીનવાય છે, એટલે પંચાયતના હોદ્દેદારોની વરણીમાં બધા જ મતદારોની ભાગીદાર હોતી નથી.
7. ગામમાં મજબૂત અવાજ આપોઆપ હાવી થઇ જાય છે, તેમજ પ્રભુત્વ ધરાવતી જ્ઞાતિની મરજી સંતોષાય જયારે બહુમતિ જ્ઞાતિની વસ્તીના અસંતોષ સાથે ગામમાં રાજકીય મતભેદો યથાવત્ રહે છે.
8. ગામના છેવાડાના લોકોની અવગણના કરીને 'સરપંચ' સીટના પ્રકાર પર આધારિત નિર્ણય લેવાતો હોય છે.
9. 'સરપંચ' તરીકે લાયક અને મરજીના વ્યક્તિને પસંદ કરવાની તકને બદલે પ્રતિષ્ઠિત કુટુંબનું વર્ચસ્વ અકબંધ રહેવાની શક્યતા રહે છે.
10. પંચાયતના હોદ્દેદારોની વરણી મુખ્યત્વે ઉચ્ચ જ્ઞાતિમાંથી કરાય છે.
11. 'સરપંચ' એ બે-પાંચ રાજકીય આગેવાનોની કઠપૂતળી બનીને ગ્રામ પંચાયતનો વહીવટ કરે છે.
12. ગ્રામ પંચાયતમાં વિરોધ પક્ષ ન હોવાથી વહીવટ નીરસ અને બેજવાબદાર બની શકે છે.
13. ગામમાં માત્ર પ્રભુત્વ ધરાવતી જ્ઞાતિના રાજકીય વિશ્વાસ અને સામાજિક એકતામાં વધારો થાય છે.
14. ચૂંટણી યોજાયેલ કે સમરસ જાહેર થયેલ ગામ બંનેનો વિકાસ એકસરખો જ હોય છે.
15. લોકશાહીનું હનન, લોકશાહી વિરોધી અને અવરોધરૂપ સાબિત થાય છે, વગેરે.

ઉપરોક્ત તમામ તરફેણ અને વિરોધની દલીલો-મતભેદ એ કેટલા અંશે સાચા કે ખોટા, જે-તે સંજોગો આધીન તેમજ અપવાદરૂપ છે, કે નહિ!? તેની સ્પષ્ટતા માનવીય મૂલ્યો અને વાસ્તવિક સ્થિતિ વચ્ચેના સંઘર્ષ પર નિર્ભર રહે છે.

**યોજના:વિકાસ-દિશા**

ગુજરાતમાં પંચાયતીરાજની સ્થાપનાથી ઇતિહાસ જોઈએ તો, ગ્રામ પંચાયતોની દર પાંચ વર્ષે નિયમિત રીતે ચૂંટણીઓ યોજાતી માલૂમ પડે છે. ગુજરાત સરકારે સમરસ ગામ યોજના શરૂ (ઓક્ટોબર-2001) કરી ત્યારથી એટલે કે વર્ષ:2001-2002 થી વર્ષ:2017-2018 સુધીમાં ગ્રામ પંચાયતોની યોજાયેલ ચૂંટણીઓ દરમ્યાન સમરસ ગામ યોજનાનો વિકાસ અને દિશા વિશે સમગ્ર ગુજરાતનું મૂલ્યાંકન કરીએ તો નીચે મુજબની સ્થિતિ સ્પષ્ટ થાય છે.

| ક્રમ | વર્ષ | ચૂંટણી જાહેર થયેલ ગ્રામ પંચાયતોની સંખ્યા | સમરસ જાહેર થયેલ ગ્રામ પંચાયતોની સંખ્યા | ફાળવાયેલ અનુદાનની રકમ (રૂ.લાખમાં) | સમરસ જાહેર થયેલ ગ્રામ પંચાયતોની ટકાવારી (%) |
|---|---|---|---|---|---|
| 1 | 2001-2002 | 10467 | 2857 | 1735.50 | 27.30% |
| 2 | 2002-2003 | 1680 | 621 | 380.60 | 36.96% |
| 3 | 2003-2004 | 1586 | 423 | 256.60 | 26.67% |
| 4 | 2004-2005 | 68 | 14 | 8.40 | 20.59% |
| 5 | 2006-2007 | 10355 | 2864 | 3266.82 | 27.66% |
| 6 | 2007-2008 | 2004 | 714 | 641.87 | 35.63% |
| 7 | 2008-2009 | 1429 | 432 | 239.25 | 30.23% |
| 8 | 2009-2010 | 702 | 199 | 228.81 | 28.35% |
| 9 | 2010-2011 | 00 | 124 | 128.12 | ટેકનિકલ કારણસર પાછળથી સમરસ જાહેર થયેલ. |
| 10 | 2011-2012 | 10405 | 2123 | 5562.25 | 20.40% |
| 11 | 2012-2013 | 1728 | 422 | 1098.75 | 24.42% |
| 12 | 2013-2014 | 1427 | 322 | 1283.19 | 20.32% |
| 13 | 2016-2017 | 10279 | 1425 | 7529.88 | 13.86% |
| 14 | 2017-2018 | 3364 | 735 | 765.75 | 21.85% |
| કુલ | | 55494 | 13275 | 23125.79 | 23.87% |

ઉપરોક્ત કોષ્ટક પરથી સમરસ ગામ યોજનાના અમલ સમયથી લગભગ દોઢ દાયકા સુધીમાં ગુજરાતમાં સમરસ ગ્રામ પંચાયતો જાહેર થયાનું વર્ષવાર 23.87% સરેરાશ ગણી શકાય!

**ઉપસંહાર :**

ગુજરાત સરકારનો હકારાત્મક અને ગ્રામ્ય સંસ્કૃતિની ઉત્તેજન આપવાનો પ્રયત્ન હોવા છતાં, દોઢ દાયકાની આ યોજના પરથી સાબિત થાય છે; કે આપણે લોકશાહીમાં જીવતા હોવા છતાં લોકશાહીનાં મૂલ્યોને સાચી રીતે સાર્થક કરી શક્યા નથી, કારણ કે સમરસ ગામ યોજના અંતર્ગત ત્યાગ, સહકાર, એકતા, વિકાસ તેમજ બહુમતિ નહી પણ સર્વસંમતિને સ્થાને સત્તા-હરિફાઇની દૌડ તેમજ ગ્રામ્ય કક્ષાએ અનિષ્ટોની હાજરી વધુ દેખાઇ આવે છે. તેથી જ યોજનાની પ્રોત્સાહક અનુદાનમાં ક્રમશ: વધારો થતો રહ્યો હોવા છતાં સમરસ ગ્રામ

પંચાયતોમાં ક્રમશઃ ઘટાડો દેખાઇ આવે છે. ટૂંકમાં, ગામડાઓમાં એકંદરે બહુમતિ નહિ પણ સર્વસંમતિ સાધવામાં જોઈએ એવી સફળતા મળી નથી ત્યારે 'ગામડાથી સંસદ' સુધીનો વિચાર નિર્થક સાબિત થયો છે. એટલે કે; ભારતમાં હજુ લોકશાહીને જીવન જીવવાની પ્રણાલિ બનતા કદાચ 100 વર્ષ બીજા લાગે તો નવાઇ નહિ!

**સંદર્ભ:**


1. પ્રા.શાહ બી. સી., ભારતમાં પંચાયતીરાજ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, વર્ષ-2015
2. https://gujaratindia.gov.in
3. https://panchayat.gujarat.gov.in
4. વૈષ્ણવ બિપિનચંદ્ર, પંચાયત ધારો, નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ, વર્ષ-2015